

# આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૩ (ગત) વીર સં. ૨૪૯૬
વિ. સં. ૨૦૨૬ અષાઢ

कर्तव्यं प्रथमं पथानुसरणं धर्माधिकाराप्तये
आरोहन्त्यधिरोहणीं जनगणः एकैकसोपानतः ।
सोपानक्रमत्यागतो निपतनं जायेत नित्यं ध्रुवम्
आत्मानंदसभाप्रकाशकिरणैः त्याज्यं न सोपानकम् ॥

ધર્મનો અધિકાર મેળવવા માટે સૌથી પ્રથમ 'પથાનુસરણ' એટલે કે માર્ગાનુસારી થવું જોઈએ— માર્ગાનુસારી જે ગુણ ગણાવેલા છે તે મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. જે લોકો નિસરણી ઉપર ચડે છે તે પગથિયાંના ક્રમ પ્રમાણે ચડે છે. એ પ્રમાણે ચડવાથી ક્રમેક્રમે ઉપર પહોંચી શકાય છે. જેઓ નીચેથી ઉપર ચડી ગયા છે તેઓ બધા જ લગભગ પગથિયે પગથિએ ચડીને ઉપર પહોંચેલા છે એટલે જે ભાઈ બહેનો ગુણપ્રાપ્તિ માટે પ્રયાસ કરી રહ્યાં છે, તેઓએ ધર્મરૂપ નિસરણીના પ્રથમ પગથિયેથી ઉપર ચડવાની શરૂઆત કરવાની છે. એમ થાય તો ધીરે ધીરે નિર્વિઘ્ને ઉપર સુધી પહોંચી શકાય છે. ધર્મરૂપતાનો લાભ મેળવવા માર્ગાનુસારીની નિસરણી આપણી સામે છે એટલે તેના પ્રથમ પગથિયાથી શરૂ કરીને આગળ જવા પ્રયાસ કરવો વિશેષ હિતાવહ છે. જો પગથિયાના ક્રમનો ત્યાગ કરવામાં આવે તો હંમેશા ચોક્કસ નીચે પડવાનો વખત આવે છે અને નીચે પડવાથી આપણા મન અને શરીર વગેરેને ભારે નુકસાન વેઠવું પડે છે. **આત્માનંદ સભાના** પ્રકાશના કિરણો દ્વારા બોધનો લાભ લઈને પગથિયે પગથિયે ચડવાનો ક્રમનો ત્યાગ ન કરવો જોઈએ.

—પં. બેચરદાસ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૬૭ ] જુલાઈ : ૧૯૭૦ [ અંક :—૯

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ....નુ....ક્ર....મ....ણિ....કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧. | જિનવાણી ... | પં. બેચરદાસજી | ૧૫૯ |
| ૨. | આજની સમસ્યા ... | — | ૧૬૦ |
| ૩. | મહાવીર સ્વામીનું છદ્મસ્થ જીવન ... | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૬૧ |
| ૪. | માનવ ચરિત્રનાં ઊલટાસૂલટાં તત્ત્વો .. | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૬૪ |
| ૫. | પવિત્રાપવિત્ર મીમાંસા .... | સ્વ.આ. વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ | ૧૬૭ |
| ૬. | જૈન સમાચાર | — | ૧૭૪ |
| ૭. | આ. ઉદયસૂરીશ્વરજી મહારાજને વંદનાંજલિ ... | ડૉ. ભાઈલાલ એમ. બાવિશી | ટાઇટલ-૪ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન

શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ જે. પી.-કલકત્તા

★

## નવા લાઈફ મેમ્બર

શાહ ગુલાબચંદ હકમચંદ રંઘોળાવાળા (હાલ બેંગલોર)

શ્રીમતી નલિનીબેન મહેન્દ્રકુમાર શાહ, મુંબઈ

શાહ જયંતીલાલ રણછોડદાસ રાજપરાવાળા (હાલ બેંગલોર)


## ભાડે આપવાનું છે.

ભાવનગર ખારગેટ દાઉજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન છે. આ મકાનના ત્રીજા માળ ઉપર ત્રણ રૂમો છે તે ઓફીસ કરવા માટે ખૂબ અનુકૂળ છે, અને ભાડે આપવાના છે. ભાડે રાખવા ઈચ્છનાર ભાઈઓએ નીચેના સ્થળે મળવું.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री आत्मानंद प्रकाश

પુસ્તક : ૬૭ ] જુલાઇ : ૧૯૭૦ [ અંક : ૯


## જિનવાણી

आहारमिच्छे मियमेसणिज्जं सहायमिच्छे निउणत्थबुद्धिं ।
निकेयमिच्छेज्ज विवेगजोग्गं समाहिकामे समणे तवस्सी ॥

જે તપસ્વી શ્રમણ સમાધિ મેળવવાની વાંચ્છા રાખતો હોય તેણે પરિમિત અને નિર્દોષ આહાર ઇચ્છવો-પસંદ કરવો. નિપુણ બુદ્ધિવાળો અને શાસ્ત્રાભ્યાસી હોય એવાને જ પોતાની સાથે ઇચ્છવો-રાખવો તથા પોતાની વિવેકભરી સાધનાને યોગ્ય હોય તેવું જ સ્થાન રહેવા માટે ઇચ્છવું-પસંદ કરવું.

न कम्मुणा कम्म खवेन्ति बाला अकम्मुणा कम्म खवेन्ति धीरा ।
मेहाविणो लोभभया वईया संतोसिणो न पकरेन्ति पावं ॥

અજ્ઞાની મનુષ્યો કુસંસ્કારો વડે કુસંસ્કારોનો નાશ કરી શકતા નથી. જેઓ ધીર પુરુષો છે તેઓ સંયમમય પ્રવૃત્તિઓ દ્વારા કુસંસ્કારોનો નાશ કરી શકે છે. જેઓ મેધાવી મનુષ્યો છે તેઓ લોભ અને ભયથી દૂર ખસી ગયા છે, સંતોષી બની ગયા છે અને પાપ કરતા નથી.

પં. બેચરદાસ કૃત 'મહાવીર વાણી' ગાથા ૨૦૮, ૨૧૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આજની સમસ્યા

આજે માનવજાત સમક્ષ મને જણાય છે તેમ, એક અત્યંત તાકીદની જે સમસ્યા છે તેની ચર્ચા કરવા હું ઇચ્છું છું. આધુનિક માનવે આ આખાય વિશ્વને ભાવના અહોભાવ-પ્રેરક ઉંબરે આણીને મૂકયું છે. વૈજ્ઞાનિક સફળતાનાં નવાં અને આશ્ચર્યકારી શિખરોએ માનવ પહોંચ્યો છે. વિચારી શકે એવાં યંત્રો અને બાહ્યાવકાશની અગાધ ક્ષિતિજોમાં ડોકિયાં કરે એવાં સાધનો એણે સર્જ્યાં છે. સમુદ્રોને ઓળંગવાના વિરાટ પુલો એણે બાંધ્યા છે અને ગગનચુંબી તોતિંગ ઈમારતો ચણી છે. એનાં અવકાશયાનો અને વિમાનોએ અંતરને વામણું બનાવી દીધું છે, એણે સમયને સાંકળે બાંધ્યો છે, અને વાતાવરણના ઉન્નત સ્તરોમાંથી મહામાર્ગો કંડાર્યા છે. આધુનિક માનવની વૈજ્ઞાનિક અને યાંત્રિક પ્રગતિનું આંજી દે એવું આ ચિત્ર છે.

વિજ્ઞાન અને યંત્રવિદ્યાની આ ઝળહળતી, અને હજીય સધાનાર વધુ અસીમ સિદ્ધિઓ છતાંય કોઈ મૂળભૂત ખોટ વરતાય છે. આપણી વૈજ્ઞાનિક અને યાંત્રિક સિદ્ધિઓની વિપુલતાની પાર્શ્વભૂમાં, એનાથી તદ્દન અને સ્પષ્ટતઃ ઊલટી એવી એક પ્રકારની આત્માની કંગાલિયત જણાઇ આવે છે. જેટલા પ્રમાણમાં ભૌતિક દૃષ્ટિએ સમૃદ્ધતર થયા છીએ તેટલા જ પ્રમાણમાં નૈતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ આપણે વધુ કંગાલ બન્યા છીએ. પંખીઓની જેમ આપણે હવામાં ઊડતાં શીખ્યા છીએ અને માછલીઓની જેમ આપણે સમુદ્ર તરતા શીખ્યા છીએ પણ ભાઇઓની જેમ સંપથી ભેગા જીવવાની સરળ કળા આપણે શીખ્યા નથી.

પ્રત્યેક માનવી આંતરિક અને બાહ્ય એવી બે સૃષ્ટિઓમાં જીવે છે. આધ્યાત્મિક ધ્યેયોનું એનું આંતરિક વિશ્વ કળા, સાહિત્ય, નીતિ અને ધર્મમાં વ્યક્ત થાય છે; એનું બાહ્ય વિશ્વ, જેનાથી એ જીવે છે એ સાધનો, યાંત્રિક વસ્તુઓ અને રીતિ-પદ્ધતિઓની જટિલ વ્યવસ્થાનું બનેલું છે. આ બાહ્ય વિશ્વમાં આપણે આંતરિક વિશ્વને અલોપ થવા દીધું છે એ આજની આપણી સમસ્યા છે. જે ધ્યેયો માટે આપણે જીવીએ છીએ તેના કરતાં જેના વડે આપણે જીવીએ છીએ એ સાધનોને બેહદ પ્રભુત્વ ધરાવતાં આપણે બનાવી દીધાં છે.

આધ્યાત્મિક અને નૈતિક પછાતપણાની આ સમસ્યા આધુનિક માનવની મુખ્ય દ્વિધા છે અને એ, માનવીના નીતિઆચરણના બાલિશપણમાંથી ઉદ્ભવેલી છે.

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર સ્વામીનું છદ્મસ્થ જીવન : વિલક્ષણ ઘટનાઓ

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન મંતવ્ય મુજબ આપણા આ દેશમાં —'ભારત' વર્ષમાં જે જૈન તીર્થંકરો થઇ ગયા તેમાંના અંતિમ અને આસન્નોપકારી–તીર્થંકર તે શ્રમણ ભગવાન મહાવીરસ્વામી છે. એમનો જન્મ ઇ. સ. પૂર્વે ૫૯૯માં થયો હતો. એમણે ત્રીસ વર્ષની વયે દીક્ષા લીધી હતી અને બેંતાલીસમે વર્ષે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વચગાળાનો સમય તે એમનો 'છદ્મસ્થકાળ' છે. તેઓ ગર્ભાવસ્થામાં હતા ત્યારથી તેઓ મતિ, શ્રુત અને અવધિ એમ ત્રણ પ્રકારનાં જ્ઞાન ધરાવતા હતા. વિશેષમાં દીક્ષા લીધી. તે જ દિવસે એમને 'મનઃપર્યવ' નામનું ચોથું જ્ઞાન થયું હતું. આમ હોઇ તેઓ છદ્મસ્થ–અવસ્થામાં ચાર જ્ઞાનના ધારક હતા. આ અવસ્થા દરમ્યાન એમને અંગે નિમ્નલિખિત વિલક્ષણ ગણાતી ઘટનાઓ બની છે.

(૧) 'દૂઈજ્જન્ત' નામે ઓળખાવાતા તાપસોના કુળપતિ મહાવીર સ્વામીના પિતાના મિત્ર થતા હતા. એમનો 'મોરાક' સન્નિવેશમાં આશ્રમ હતો. એમણે વર્ષાવાસ માટે મહાવીરસ્વામીને આમંત્રણ આપ્યું હતું. એ મહાવીરસ્વામીએ સ્વીકારી તેઓ અહીં રહેવા આવ્યા. એ સમયે કુળપતિએ એક વેળા પોતાની ઝુંપડીની સંભાળ લેવા એમને કહ્યું, એ એમની સાધનામાં બાધક બને તેમ હોવાથી તેઓ વર્ષાકાળના પંદર દિવસ વ્યતીત થઇ ગયેલા હોવા છતાં 'મોરાક' થી ચાલી નીકળ્યા અને 'અસ્થિક' ગ્રામમાં વર્ષાવાસ પૂર્ણ કર્યો.

વર્ષાવાસમાંના આ વિહારનો આવશ્યકની ચુણ્ણિ (ભા. ૧ પૃ. ૨૭૨)માં ઉલ્લેખ છે, આ વિહારરૂપ ઘટના વિલક્ષણ ગણાય, કેમકે સામાન્ય રીતે કોઇ જૈન શ્રમણ કે શ્રમણી ચોમાસામાં વિહાર ન કરે. આ ઘટનાને અંગે સબળ તર્કવિતર્ક કોઇ કૃતિમાં કરાયા છે ખરા ?

(૨) તીર્થંકરો દીક્ષા પૂર્વે સાંવત્સરિક દાન દે, નહિ કે પછી કોઇ પણ પ્રકારનું દાન. મહાવીરસ્વામીએ તો દીક્ષા લીધા બાદ બ્રાહ્મણે કરેલી યાચના અનુસાર ઇન્દ્રે એમના ખભા ઉપર મૂકેલા દેવદૂષ્યમાંથી અડધું એ બ્રાહ્મણને આપી દીધું અને આ પણ એક વિલક્ષણ ઘટના છે. અહીં એ પણ પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે કે સમગ્ર વસ્ત્ર કેમ ન આપી દીધું ?

(૩) આગળ ઉપર અર્ધ રહેલું દેવદૂષ્ય પવનને લઇને ઊડીને કાંટાઓ જે સુવર્ણકુલાને તીરે હતાં ત્યાં જઇને પડયું. મહાવીરસ્વામીએ એ તરફ નજર કરી. આને અંગે કોઇ કોઈ કૃતિમાં ઊહાપોહ કરાયો છે. દા. ત. વૈયાકરણ વિનયવિજયગણિએ પજ્જોસવણાકપ્પ ( કલ્પસૂત્ર )ની સુબોધિકા નામની જે વૃત્તિ વિ. સં. ૧૬૯૬માં રચી છે તેમાં નીચે મુજબ કથન કર્યું છે :—

" सुवर्णवालुकानदीतटे कण्टके विलग्न देवदूष्यार्द्धे पति सतिते भगवान् सिंहावलोकनेन तदद्राक्षीत्; ममत्वेनेति केचित्, स्थण्डिलेऽस्थण्डिले वा पतितमिति विलोकनायेत्यन्ये,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ममत्वमन्तते वस्त्रं पात्रं सुलभं दुर्लभं वा भावीति विलोकनार्थमित्यपरे, वृद्धास्तु कण्टके वस्त्रविलगनात् स्वशासनं कण्टकबहुलं भविष्यतीति विज्ञाय निर्लोभत्वात् तद्ग्रहणार्थं न जग्राहेति भावः।"

આમ અહીં વસ્ત્ર કાંટામાં ભરાતાં મહાવીરસ્વામીએ એ તરફ નજર કરી તેનું કારણ વિનયવિજયગણિ 'સિંહાવલોકન' એમ કહે છે. સાથે સાથે આ સંબંધમાં અન્ય ત્રણ મતો નીચે મુજબ દર્શાવે છે. પરંતુ એ કોના કોના મત છે તે કહેતા નથી તો એની તપાસ થવી ઘટે.

(અ) મમત્વ.

(આ) સ્થંડિલમાં પડ્યું કે અસ્થંડિલમાં તે જોવા.

(ઇ) અમારી સંતતિને વસ્ત્ર અને પાત્ર સુલભ હશે કે દુર્લભ તે જોવા.

આ પ્રસંગે એ પણ એમણે ઉમેર્યું છે કે કાંટામાં વસ્ત્ર લાગ્યું તેથી પોતાનું શાસન મોટે ભાગે કંટકમય થશે એમ જાણી નિર્લોભતાને લઇને એ એમણે લીધું નહિ એમ વૃદ્ધોનું કહેવું છે.

(૪) મહાવીરસ્વામીએ પારણાં કર્યાં ત્યારે પાંચ દિવ્યો થયાં. તે ઉપરથી ગોશાલકે એમને પોતાનો શિષ્ય બનાવવા વારંવાર વિજ્ઞપ્તિ કરી. પહેલીવાર તો મહાવીરસ્વામીએ સ્વીકારી નહિ પણ આગળ ઉપર પોતે છદ્મસ્થ હોવા છતાં એ સ્વીકારી. આ વિલક્ષણ ઘટના નિમ્નલિખિત બે પ્રશ્નને જન્મ આપે છેઃ—

(અ) કોઇ પણ તીર્થંકર છદ્મસ્થ દશામાં કોઈને દીક્ષા આપે નહિ-શિષ્ય બનાવે નહિ તો મહાવીરસ્વામીએ કેમ તેમ કર્યું ?

(આ) ગોશાલક જેવી અયોગ્ય વ્યક્તિનો કેમ શિષ્ય તરીકે સ્વીકાર કર્યો ?

આ બીજા પ્રશ્નનો ઉત્તર વિવાહપણ્ણત્તિ (સળગ ૧૫)ની વિ. સં. ૧૧૨૮માં રચેલી વિશેષ-વૃત્તિમાં અભયદેવસૂરિએ નીચે મુજબ આપતાં છ કારણો દર્શાવ્યાં છેઃ—

(અ) રાગના સંપૂર્ણ ક્ષયનો અભાવ.

(આ) ગોશાલક સાથેનો મહાવીરસ્વામીનો પરિચય.

(ઇ) હેતુપૂર્વકની મહાવીરસ્વામીની અનુકંપા.

(ઈ) છદ્મસ્થતા.

(ઉ) ભવિષ્યમાં થનારી આપાત્તના જ્ઞાનનો અભાવ.

(ઊ) ભાવિભાવ.

આનો વિશેષ પરામર્શ કરાય તે પૂર્વે હું તજજ્ઞોને નીચે મુજબના બે પ્રશ્નોનો ઉત્તર આપવા વિનવું છું:—

(૧) વિ. સં. ૧૧૨૮ પહેલાં કોઈએ ઉપર્યુક્ત કારણ કે કારણો કે અન્ય પ્રકારનાં કારણો સૂચવ્યાં છે ખરાં અને હોય તો કયાં ?

(૨) ઉપર્યુક્ત છ કારણો ઉપરાંતનાં કોઇ કારણ કાલાન્તરે કોઇએ દર્શાવ્યાં છે, અને તેમ હોય તો કોણે કઈ વૃતિમાં !

ઉપર્યુક્ત છ કારણો પૈકી પહેલા અને ચોથામાં ખાસ ભેદ જણાતો નથી કેમકે એ બંને કારણો વીતરાગતાનો બારમા ગુણસ્થાન જેવી ઉચ્ચ દશાનો અભાવ સૂચવે છે. દ્વિતીય કારણની સબળતા વિચારવી ઘટે. તૃતીય કારણ તરીકે અનુકંપાનો નિર્દેશ સમુચિત ગણાય. કેમકે અધમ દેવ સંગમે મહાવીરસ્વામીને છ છ મહિના સુધી અનેક ઉપસર્ગો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યા તેથી એ દેવની દુર્ગતિ થશે તેમાં પોતે નિમિત્ત કારણ બન્યા એનું પણ મહાવીરસ્વામીને દુઃખ થયું હતું અને એ દેવનું શું થશે એ વિચારે તેઓ કરુણા–અનુકંપાથી ઓતપ્રોત બની ગયા હતા. તેમનાં નેત્રની કીકીઓ જરાક ભીની થઇ ગઇ હતી. આવા કરુણામૂર્તિ અને દાક્ષિણ્યના પૂરેપૂરા અનુરાગી મહાવીર સ્વામી ગોશાલકની વિજ્ઞપ્તિનો અનાદર ન કરી શકે એ સ્વાભાવિક છે.

પાંચમું કારણ મને તો વિચારણીય જણાય છે. મારા નમ્ર મત પ્રમાણે ચાર જ્ઞાનના ધારક હોવા છતાં મહાવીરસ્વામી ભાવિ અનર્થને જાણી શક્યા નહિ એમ માનવા કરતાં એ બાબત એમણે ઉપયોગ જ ન મૂક્યો એમ માનીએ તો કેમ ?

છઠ્ઠું કારણ ભવિતવ્યતા–નિયતિનું સ્મરણ કરાવે છે અને એ અમુક ભલભલાને પોતાનો ભોગ બનાવે છે. નિમ્નલિખિત પદ્ય અત્ર આના ઉદાહરણરૂપ ગણાય :—

"अवश्यं भाविनो भावा भवन्ति महतामपि ।
नग्नत्वं नीलकण्ठस्य महाहिशयनं हरेः ॥"

છ કારણોની આ તો મારી મંદ ગાત મુજબની ઉપર ટપકેની વિચારણા થઇ. એમાં ઊંડા ઉતરવાનું કાર્ય વિશેષજ્ઞોનું છે એટલું સૂચવી અન્ય ઘટના હું રજૂ કરું છું.

(૫) ગોશાલકના ઉપર વેશ્યાયને તેજોલેશ્યા મૂકી ત્યારે સામી શીતલેશ્યા મૂકી એનું રક્ષણ કરનાર મહાવીરસ્વામીએ પોતાના બે શિષ્યો નામે સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર ઉપર ગોશાલકે તેજોલેશ્યા મૂકી ત્યારે તેમનું રક્ષણ ન કર્યું. એ પણ એક રીતે અલૌકિક ઘટના છે. આને અંગે એમ કહેવાય છે કે વીતરાગ દશામાં લબ્ધિનો ઉપયોગ ન કરાય. મેં એક ગ્રન્થમાં શીતલેશ્યા મૂકયાનું વાંચ્યાનું સ્ફુરે છે. એ વિચારતાં ભાવતવ્યતાને કારણરૂપે ગણીએ તો કેમ ?

અંતમાં એટલું સૂચવીશ કે એક રીતે તો મહાપુરુષોના જીવનના પ્રસંગોની સમીક્ષા એ સામાન્ય જન માટેની અનધિકૃત ચેષ્ટા છે–એ તો હિમાલય જેવા ગિરિરાજને ફૂટપટ્ટીથી માપવા જેવું કાર્ય છે. આથી સમર્થ અને તટસ્થ વિબુધવરો મહાવીરસ્વામીના સમગ્ર જીવનની વિશિષ્ટ–વિલક્ષણ ઘટનાઓ ઉપર સપ્રમાણ પ્રકાશ પાડે એમ હું ઇચ્છું છું કે જેથી બાળ જીવો ખોટા તર્કવિતર્કો કરતાં અચકાય–અટકે.

અનુલેખ–દીક્ષા લીધા પૂર્વેનો–'છદ્મસ્થ' શબ્દનો વ્યાપક અર્થ લક્ષ્યમાં લઈ એક પ્રસંગ નોંધું છું :—

મહાવીરસ્વામીએ પોતાની માતા ત્રિશલાને પોતાના હલનચલનથી દુઃખ ન થાય એમ વિચારી પોતે નિશ્ચળ રહ્યા પરંતુ પરિણામ તો વિપરીત આવ્યું. ત્રિશલાએ ખૂબ કલ્પાંત કર્યું. તો પ્રશ્ન એ કરાય છે કે ત્રણ જ્ઞાનના ધારક મહાવીરસ્વામીએ આ પગલું પૂરા પૂર્વાપર વિચાર કર્યા વિના ભર્યું હતું ? શું સહજ ભાવે ક્રિયા થઈ હતી ? શું ઉપયોગ ન મૂક્યો કે મૂકવા જેટલી શક્તિ નહિ હતી તેથી આમ બન્યું ? કોઇક તો કહે છે 'કળિ'યુગમાં ગુણ પણ દોષરૂપે પરિણમે છે–ભલું કરવા જતાં ભૂંડું થાય તે આનું નામ. દીક્ષા લીધા બાદ કુળપતિને મળવાનું થતાં મહાવીરસ્વામીએ બે હાથ પસાર્યાનો ઉલ્લેખ તેમ જ તેમ કરવાના કારણ તરીકે પૂર્વ અભ્યાસ હોવાનો નિર્દેશ કરાયેલ છે. એને લગતી પંક્તિ નીચે મુજબ છે :—

(અનુસંધાન પાના ૧૬૬ પર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવચારિત્રનાં ઊલટાસૂલટાં તત્ત્વો

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

આ જગતમાં અનેક પ્રકારના વિચિત્રતાઓ છે, પરંતુ માનવમનની વિચિત્રતાની સાથે સરખાવી શકાય એવી બીજી કોઇ વિચિત્રતાની કલ્પના કરવાનું શકય નથી. આ ગ્રંથની કથાઓના વિવિધ પાત્રોની જીવન કહાણી માનવીમાં રહેલી એકબીજાથી પરસ્પર વિરોધી એવી વૃત્તિઓની સરસ અનુભૂતિ કરાવી જાય છે. માનવીમાં સત અને અસત એવી એકબીજાથી વિરોધી વૃત્તિઓનો વાસ રહેલો છે. માનવમાં જેમ અનેક સદ્ગુણોનો વાસ છે તેમ દુર્ગુણો પણ તેના પડછાયાની માફક રહેલા જ હોય છે. માર્કટવેન નામના એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે Everybody is a moon and has a dark side which he never shows to anybody. આવા વિરોધી તત્ત્વોનું પ્રમાણ માત્ર સામાન્ય માણસોમાં જ જોવામાં આવે છે, એમ કહેવું પણ બરોબર નથી.

બાવન વર્ષની ઉંમરે ઈ. સ. ૧૮૮૦માં મહાત્મા ટોલસ્ટોય જેવા મહાન માનવીના હૃદયમાં તેની એક બાવીસ વર્ષની રસોઇયણ પ્રત્યેની તીવ્ર જાતીય વાસના અને અંતઃકરણની શુદ્ધ ભાવના વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું હતું, આવા યુદ્ધના પરિણામે તેને શી શી માનસિક વેદનાઓ ભોગવવી પડી હતી અને તેમનામાં કેટલી હદ સુધીની વિકૃતિ ઊભી થવા પામી હતી, તેમજ તેમાંથી કઈ રીતે તેઓ બચી જવા પામ્યા તેનું વર્ણન વાંચતાં આપણાથી સ્તબ્ધ થઈ જવાય છે. ( આ પ્રસંગ બન્યા પછી દશ વર્ષે આ બનાવને અનુલક્ષી મ. ટોલસ્ટોયે 'Devil' નામની નવલકથા લખી હતી અને તેનું ગુજરાતી ભાષાંતર 'શયતાન' નામે પ્રસિદ્ધ થવા પામ્યું છે. )

આ ગ્રંથની 'મનનું પાપ' કથામાં આવતાં સાધ્વી લક્ષ્મણાજી, 'મૃગજળ' કથાની મૃણાલિની, 'સ્ત્રી અને પુરુષ' કથાના બૌધભિક્ષુ દેવદત્ત, 'શતમુખ વિનિપાત' કથાના કૂલવાલક મુનિ, 'આત્મવિલોપન' કથાના સૌભદ્રમુનિ અને 'રત્નકંબલ' કથાના સિંહ ગુફાવાસી મુનિરાજના જીવનમાંથી સહેજે સમજી શકાય છે કે, અસાધારણ અને વિરલ ગણાતી વ્યક્તિઓમાં પણ વિરોધી તત્ત્વોનું પ્રમાણ ચોક્કસ રીતે રહેલું જ હોય છે.

આ વિરોધી તત્ત્વો વચ્ચે માનવ જીવનમાં સખ્ત યુદ્ધ લડાતું હોય છે. માનવી પોતાના આંતર–મનનું સંશોધન કરી જો તેને સમજવા પ્રયત્ન કરે, તો બાહ્ય અને આંતર–ચેતન અને અચેતન મન વચ્ચેના આવા યુદ્ધનો ખ્યાલ તેને આવ્યા વિના ન રહે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે (અધ્યયન ૯–૩૫) જે કહ્યું છે કે પોતાની જાત સાથે જ લડવું જોઇએ. બહારના શત્રુઓને જીતવાથી શું ? પોતાના બળથી પોતાની જાતને જીતનારો સુખી થાય.

માનવ જીવનમાં ત્યાગનો મહત્ત્વ આ સંયમમાં જીવન જેણે હિસાના પોતાનો એક બચવું હોય તેણે તેણે ભોગોનો ત્યાગ કરવો જ રહ્યો. ભોગો–માત્ર કામ ભોગો નહીં પણ દરેક પ્રકારના ભોગો સાથે હિંસા એકાન્તે વળગેલી જ છે. વૈરાગ્ય અને વિલાસ જેમ એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે ન રહી શકે, તેમ ભોગ અને અહિંસા પણ એક સાથે કદાપિ રહી શકતા નથી. આમ છતાં એ જાણી લેવું જરૂરનું છે કે સમજપૂર્વકના વૈરાગ્ય વિનાનો ત્યાગ માણસને ઊંચે લઇ જઇને ઘણીવાર નીચે પછાડે છે. ઇંદ્રિયો અને વિષય વચ્ચેનો નિકટનો સંબંધ છે. ઇંદ્રિયોનો સ્વભાવ છે કે સામે આવેલા વિષયને ગ્રહણ કરવો; વિષયનો સ્વભાવ છે કે ઇંદ્રિયોવડે ગ્રાહ્ય થવું. તેથી જ સૂત્ર કૃતાંગમાં કહ્યું છે કે મન, વચન અને કાયા ઉપર જેણે કાબૂ મેળવ્યો નથી, તેને માટે આત્મ કલ્યાણ સહેલું નથી. ભોગના ત્યાગની ગંભીરતા અને એવા ત્યાગ માટેની શકિત અને સામર્થ્યની બાબતમાં માણસ જો ગાફેલ રહે, તો પરિણામે એ વહેલો મોડો પતનના માર્ગે દોરવાયા વિના નથી રહેતો. માત્ર દેહ અને ઇંદ્રિય દમનના આધારે અગર સંસાર પ્રત્યે તિરસ્કાર, નફરત કે દ્વેષની વૃત્તિમાંથી ઉત્પન્ન થતા સ્મશાન વૈરાગ્યના કારણે, કોઇ પણ માનવી જો પોતાના મન અને ઇંદ્રિયો પર આધિપત્ય જમાવવા પ્રયત્ન કરશે, તો સાનુકૂળ સંજોગો અને લલચાવનારાં નિમિત્તો પ્રાપ્ત થતાં શાંત અને સ્થિર બની ગયેલી વૃત્તિઓ એકાએક બળવો ઉઠાવશે. આવી પરિસ્થિતિમાં સંયમની પાળ તૂટી પડે છે અને પરાણે કાબૂમાં રાખેલી રસવૃત્તિઓ સતેજ બની આશ્ચર્ય પમાડે એવા પ્રબળ વેગથી વિષયાભિમુખ બની જાય છે. જર્મન કવિ ગેટેએ એક નાટકમાં બતાવ્યું છે કે જે માણસ માનવની સહજ વૃત્તિને ઉપવાસી રાખીને સંસારની લીલા ભૂમિમાંથી ઊંચે એકાન્તમાં બેસીને જ્ઞાન સંચય કરવામાં પ્રવૃત્ત હતો, તેને સંસારની ધૂળ ઉપર જોરથી પછાડ ખાઇને સખત જ્ઞાન મેળવવું પડયું હતું. 'શતમુખ વિનિપાત' કથાના કુલવાલક મુનિ પણ આવી જ વાત કહી જાય છે.

આ સંસારને જે ખરા સ્વરૂપમાં સમજી શકે તે જ સંસાર ત્યાગનો સાચો અધિકારી બની શકે છે. સંસાર અને સંસારના ભોગોનું સાચું સ્વરૂપ સમજનારને, સંસાર ત્યાગના ઉપદેશની જરૂરી નથી પડતી. પછી તો એવા વિરકત માનવીને સંસારમાં રહેવું એ પોતાના આત્માના ભયંકર અપમાન રૂપ લાગે છે. 'વાહરે ! સંસાર !' કથાનું મુખ્ય પાત્ર સંન્યાસી આપણને આજ વાત કહી જાય છે.

વરસો સુધીની અખંડ સાધના અને યોગ માર્ગે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર સાધુને પણ, જો આધ્યાત્મિક અભિમાન ઉત્પન્ન થાય તો તેનું પતન થાય છે, એ વાત 'રત્નકંબલ' કથાના સિંહગુફાવાસી મુનિ–રાજને થયેલા અનુભવ પરથી સમજી શકાય છે. જગતના એક મહાન સાહિત્યકાર આનાતોલ ફ્રાંસની અત્યંત નામચીન બનેલી નવલકથા 'થેયસ'માં પણ એક સાધુની દશા સિંહગુફાવાસી મુનિરાજના જેવી જ થાય છે. એ નવલકથાના મુખ્ય પાત્ર એક સાધુ મહા તપસ્વી અને સંયમી હતા. એક મહાન નર્તકીને પતિત જીવનના માર્ગેથી બચાવી, તેને અધ્યાત્મના માર્ગે વાળવા પેલા સાધુ પોતાના આશ્રમમાંથી દૂરના શહેરમાં અનેક વિટંબનાઓ ભોગવતાં ભોગવતાં પગે ચાલીને ગયા. સાધુના પ્રયત્નને સફળતા સાંપડી અને નર્તકીના જીવનનું પરિવર્તન થયું. પછી તો સર્વસ્વનો ત્યાગ કરી પેલી નર્તકી સાધ્વી બની ગઈ અને તેણે સાધ્વીઓના મઠમાં પ્રવેશ કર્યો. એ સાધ્વીઓનું જીવન તો પવિત્ર અને નિર્મળ બની ગયું, પણ તેને સાચા રસ્તે દોરવનાર પેલો સાધુ સંયમ, તપ અને ત્યાગની ભૂમિકા પરથી સરી પડી નર્તકીમય બની ગયો. તપ, જપ અને ધ્યાનમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને પેલી નર્તકી જ દેખાવા લાગી. અંતે પેલો સાધુ જ્યારે પ્રેમની ભિક્ષા માગવા મઠમાં પેલી સાધ્વી પાસે પહોંચ્યો, ત્યારે તો એ સાધ્વીનો મૃતદેહ જ તેની નજરે પડયો. માણસ ખરાબ નથી, પરંતુ વૃત્તિઓ અને સંજોગો તેને ખરાબ બનાવી પતનને માર્ગે ઘસડી જાય છે.

નિમિત્તને આધીન થતાં જીવને વાર નથી લાગતી અને તેથી જ કહ્યું છે કે **નિમિત્તાધીનો જીવ :** બ્રહ્મચર્ય પાલનના અર્થે ધર્મશાસ્ત્રોએ જે ભારે કડક નિયમો અને વાડોની રચના કરી છે, તેના સંદર્ભમાં મૂળ વાત તો સાધકને વાસનાનો વેગ પ્રદીપ્ત થાય તેવા નિમિત્તોથી દૂર રાખવાનો છે. ઝેરથી મરી જવાય છે કે નહીં તેની પરીક્ષા અર્થે કોઈ અખતરો કરી ઝેર ખાય તો તે જેમ મૂર્ખ કહેવાય છે, તેમ બળવાન નિમિત્તો પણ મારી પર કશી અસર ન કરી શકે એવું અભિમાન કરનારા સિંહગુફાવાસી જેવા ધુરંધર મુનિને પણ અંતે તો પસ્તાવાનો જ વખત આવે છે. 'સ્ત્રી અને પુરુષ' વાળી કથા પણ આ જ વાતનું સમર્થન કરે છે.

જગતના દરેક ધર્મોએ માનવ જન્મને ઉત્તમોત્તમ માન્યો છે અને તેથી જ કહેવાય છે કે માનવીથી અન્ય કોઈ શ્રેષ્ઠ નથી. તેનો અર્થ એમ થયો કે પતનના માર્ગે જવા અર્થે નહિ, પરંતુ જીવનમાં ઊંડા ઊતરી આપણી ભીતરમાં રહેલી કામ, ક્રોધ, માન, માયા, લોભ, સ્વાર્થ, ઇર્ષ્યા, નિંદા આદિ અસદ્ વૃત્તિઓનું સંશોધન કરી, તેને શુદ્ધ અને નિર્મળ બનાવવા અર્થે જ આપણને મહામૂલ્યવાન માનવ જન્મ પ્રાપ્ત થયો છે. આ બધી કથાઓમાં આવતાં પાત્રોનાં જીવનમાંથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે ઇન્દ્રિયોના દર્શનોપભોગમાં આત્માનું સાચું સુખ કે આનંદ પ્રાપ્ત થઇ શકતાં નથી. ઇન્દ્રિયજન્ય સુખો છેતરામણાં અને ભૂતાવળ જેવાં છે, કારણ કે તમે જેમ જેમ એને પ્રાપ્ત કરતા જાઓ તેમ તેમ તમારી કામના ઘટવાને બદલે વધતી જ જવાની. એથી ઊલટું, આ કથાઓનાં જે જે પાત્રો ત્યાગ-તપ-સંયમના માર્ગે જઇ પોતાની વાસના, આસક્તિ અને કામનાઓ પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી શકયા છે, તેઓએ મુક્તિ પ્રાપ્ત કરી છે, અગર મુક્તિની નજીક પહોંચી શકયા છે.

જીવનનો સાચો આનંદ સમભાવ અને સમતા દ્વારા પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ અસદ્ વૃત્તિઓનું જ્યાં સુધી શુદ્ધીકરણ નથી થતું ત્યાં સુધી સમભાવ અને સમતા પ્રાપ્ત થવાં શકય નથી. આ જ અર્થમાં આપણા એક મહાન કવિએ સાચું જ કહ્યું છે કે : "જ્યાં લગી આતમાતત્ત્વ ચિન્ત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી" આ બધી કથાઓની ફલશ્રુતિ પણ અસદ્વૃત્તિઓનું શુદ્ધીકરણ કરી તેને આત્માભિમુખ બનાવવામાંજ છે અને એમાં જ માનવ જીવનની સાર્થકતા અને સફળતા છે.*

* 'શીલધર્મની કથાઓ ભા. ૧-૨' ગ્રંથ લેખકના નિવેદનમાંથી સાભાર ઉદ્ધૃત.

---

( અનુસંધાન પાના ૧૬૩ નું ચાલુ )

**पूर्वाभ्यासेन हस्तौ प्रसारितौ"**

"આત્માનંદ પ્રકાશ" (પુ. ૬૭, અં. ૫-૬ )માં ઉપર્યુક્ત બાબત શ્રી રતિલાલ મફાભાઇના લેખમાં દર્શાવાઇ છે. એમણે એ લેખમાં કહ્યું છે કે "સાધનાના આરંભકાળના દિવસોમાં એ ( મહાવીરસ્વામી ગૃહસ્થને ત્યાં બેસીને પણ જમતા અને તે પણ થાળી વાટકામાં" આ વિલક્ષણ જણાતું વિધાન એમણે શેના આધારે કર્યું છે તે જણાવવા તેઓ કૃપા કરે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પવિત્રાપવિત્રમીમાંસા

લેખક : સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

માનવી માત્રને પવિત્ર વસ્તુ ગમે છે. પવિત્ર, શુદ્ધ, ચોખ્ખું વગેરે એક જ અર્થને જણાવવાવાળા પર્યાયવાચક શબ્દો છે ખોરાક--વસ્ત્ર-પાત્ર-મકાન-દેહ અને છેવટે માણસ પણ પવિત્ર હોય તો તેને બધા ચહાય છે. જ્યાંસુધી પવિત્ર વસ્તુ ન મળે ત્યાંસુધી માનવી ગમે તેટલી વસ્તુ મેળવે, વાપરે છતાં તેને અસંતોષ જ રહે છે. માનવી માને છે કે અપવિત્ર-અશુદ્ધ વસ્તુ મેળવવાથી કે વાપરવાથી ધારેલો લાભ મેળવી શકાતો નથી. અને પરિણામે નુકશાન કરનારી થાય છે, તેથી માનવ નિરંતર શુદ્ધ વસ્તુના ગવેષક હોય છે. છતાં ન મળે તો જીવનના નિર્વાહ માટે અનિચ્છાએ જ અશુદ્ધ વસ્તુનો આદર કરે છે.

જેવી રીતે માનવ જગત વિલાસ-વૈષયિક વાસનાની તૃપ્તિ માટે શુદ્ધ પૌદ્ગલિક વસ્તુઓનું અભિલાષી હોય છે તેનાથી અત્યલ્પ અંશે પણ વિકાસ માટે પવિત્ર ભાવનાઓનું ચાહનાવાળું હોતું નથી. વિકાસ આત્માને આશ્રયીને હોય છે અને વિલાસ અનાત્મ પૌદ્ગલિક દેહ આદિને આશ્રયીને હોય છે. જો કે તાત્ત્વિક પાવત્રતા તો આત્મામાં જ રહેલી છે. પુદ્ગલસ્વરૂપ જડાત્મક વસ્તુઓમાં હોઈ શકતી નથી તેથી આત્મા પવિત્ર બની શકે છે, છતાં અનાદિથી વિષયાસક્ત જગતે પૌદ્ગલિક વસ્તુઓમાં જ પવિત્રાપવિત્રપણું માન્યું છે, વાસનાધીન માનવી મનગમતી વિષયપોષક અનુકૂળ વસ્તુને પવિત્ર-શુદ્ધ માને છે અને અણગમતી પ્રતિકૂળ વસ્તુને અપવિત્ર માને છે. અર્થાત્ શુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તથા શબ્દવાળી વસ્તુને પવિત્ર અને અશુભ વર્ણાદિ અવિત્ર માને છે. અને તે પાંચે ઇંદ્રિયોનાં વિષય તરીકે ઓળખાય છે, વર્ણ આદિ પૌદ્ગલિક વસ્તુના ધર્મ છે. શુભ વર્ણાદિના પુદ્ગલોની અધિકતાથી વસ્તુ શુદ્ધ-પવિત્ર કહેવાય છે અને અશુભની અધિકતાથી અશુદ્ધ-અપવિત્ર કહેવાય છે. બાકી જડાત્મક વસ્તુઓમાં પવિત્રાપવિત્રપણા જેવું કશુંય હોતું નથી. તોયે સકર્મક જડાધીન આત્મા જડને જ પવિત્રાપવિત્ર માને છે અને પોતાની-આત્માની તાત્ત્વિક પવિત્રતા અજ્ઞાનતાથી વિસરી જઇને તે દેહ તથા વસ્ત્રાદિની પવિત્રતાથી પોતાને પવિત્ર અને તેની અપવિત્રતાથી પોતાને અપવિત્ર માને છે.

જે પૌદ્ગલિક વસ્તુઓમાં પવિત્રાપવિત્રપણું માનવામાં આવે છે તે પુદ્ગલો સચેતન અને અચેતન એમ બે પ્રકારનાં હોય છે. સચેતન પુદ્ગલસ્કંધોની રચનાને દેહ-શરીર કહેવામાં આવે છે અને અચેતન એટલે ચેતન રહિત થયેલા દેહસ્વરૂપ પુદ્ગલ સ્કંધોને જડ કહેવામાં આવે છે. સંસારવાસી જીવમાત્રને થાવરકાય અને ત્રસકાય એમ બે વિભાગમાં વ્હેંચી નાંખ્યા છે. તેમાંથી ત્રસકાયના અચેતન દેહ શબ-મડદું અથવા તો કલેવરના નામથી ઓળખાય છે અને થાવરકાયના નિર્જીવ દેહની જડ સંજ્ઞા છે. એમ તો સચેતન હોય કે અચેતન, દેહ માત્ર જડ કહેવાય છે અને તેને આશ્રયીને જ જડાસક્તિ માનવામાં આવે છે; છતાં જેમ થાવરકાયના બંને પ્રકારના દેહ વિષયપોષક હોઇને આસક્તિ ભાવના સાધક હોય છે તેમ ત્રસકાયના અચેતન દેહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષયપોષક હોઈ શકતા નથી તેથી આસક્તિના સાધક નથી, પંચેંદ્રિય ત્રસ મનુષ્ય આદિના દેહ તો આસક્તિભાવને બદલે અનાસક્તિભાવના સાધક બને છે તેથી જડાસક્તિમાં પ્રધાનતા થાવરકાયના દેહને આપવામાં આવી છે.

જગતમાં જેને દેહ અથવા તો શરીર કહેવામાં આવે છે તે ઇંદ્રિયોની રચના વિશેષ હોય છે. ઇંદ્રિયોની સંખ્યા પાંચની છે પાંચે ઇંદ્રિયો જડમાં રમેલા વર્ણાદિ પાંચે ધર્મોનો બોધ કરાવે છે તેથી તે ઇંદ્રિયોના વિષયો કહેવાય છે અને ઇંદ્રિયો વિષયી કહેવાય છે. જે દેહ માત્ર સ્પર્શ ઇંદ્રિયનો બનેલો હોય છે તેનો અધિષ્ઠાતા જીવ એકેંદ્રિય કહેવાય છે અને તે થાવરકાયના નામથી ઓળખાય છે; કારણ કે તે જીવોને માત્ર શરીર હોવાથી તેઓ સ્વતઃ હાલીચાલી શકતા નથી. તેમનું જીવનમરણ સ્થિર દેહમાં થાય છે. જે દેહમાં સ્પર્શ અને રસના બે ઇંદ્રિયો હોય છે તેવા દેહવાળો જીવ બેઇંદ્રિય, સ્પર્શ-રસન-ઘ્રાણવાળો તેંદ્રિય, સ્પર્શ-રસન-ઘ્રાણ ચક્ષુવાળો ચતુરેંદ્રિય અને સ્પર્શ-રસન-ઘ્રાણ-ચક્ષુ તથા શ્રોત્ર ઇંદ્રિયવાળો જીવ પંચેદ્રિય કહેવાય છે, બેઇંદ્રિયથી લઇને પાંચ ઇંદ્રિય સુધીના જીવો સ્વતઃ હાલવાચાલવાવાળા હોવાથી ત્રસકાય કહેવાય છે. પ્રત્યેકના દેહની રચના ભિન્નભિન્ન પ્રકારની હોય છે; કારણ કે તેમના અવયવોની આકૃતિભેદ હોવાથી શરીરમાં પણ અસદૃશતા હોય છે. માનવ દેહની આકૃતિમાં ભેદ હોતો નથી. એક સરખા અવયવોવાળા હોવાથી એક માનવીને ઓળખવાથી માનવી માત્ર ઓળખી શકાય છે; પણ એક ઇંદ્રિયથી લઇને પાંચ ઇંદ્રિય સુધીના તિર્યંચોમાં સરખી ઇંદ્રિયવાળા એક તિર્યંચનું શરીર જોઇને ઓળખવાથી તેટલી ઇંદ્રિયવાળા બધાય જીવોની ઓળખાણ થઈ શકતી નથી કારણ કે સરખી ઇંદ્રિયવાળા એક જાતિના તિર્યંચોમાં અનેક પ્રકારના દેહની રચના ભિન્ન હોવાથી તેમનાં નામો પણ જુદાં હોય છે. જેમકે શંખ-જળો-અળશિયાં-કરમિયાં આદિ બેઇંદ્રિયવાળાં છે છતાં બધાંયના દેહની આકૃતિ ભિન્ન હોવાથી એક શંખ માત્રની ઓળખાણ કરવાથી બધીય બેઇંદ્રિય જાતિ ઓળખી શકાય નહિં. આવી જ રીતે ત્રણ-ચાર અને પાંચ ઇંદ્રિયવાળા તિર્યંચોમાં પણ એક જ જાતિમાં ભિન્ન આકૃતિવાળા દેહ ધારણ કરવાથી આ કઇ જાતિના તથા શું નામવાળા છે તેને અલ્પજ્ઞો જાણી શકે નહિં. મોં-નાક-આંખ તથા કાન આ ચાર ઇંદ્રિયો તો ફક્ત પાંચ ઇંદ્રિયવાળા જીવોના દેહમાં જ હોય છે; બાકીના ચાર-ત્રણ બે અને એક ઇંદ્રિયવાળા જીવોમાં કાનથી લઈને મોં સુધીમાં એક એક ઇંદ્રિય ઓછી થતી જાય છે, પણ સ્પર્શ ઇંદ્રિય તો એક ઇંદ્રિયથી લઇને પાંચ ઇંદ્રિય સુધીના જીવોને હોય છે. જેને દેહ અથવા તો શરીર કહેવામાં આવે છે તે મુખ્યત્વે કરીને સ્પર્શ ઇંદ્રિયને આશ્રયીને હોવાથી એકેંદ્રિય જીવોને પણ દેહ હોય છે.

આ પ્રમાણે સંસારવાસી જીવ માત્ર દેહધારી છે છતાં-મળ, મૂત્ર, રુધિર, માંસ આદિ સાત ધાતુથી બનેલો માનવ દેહ જેટલો અપવિત્ર છે તેટલો તેવા જ મળ, મૂત્રાદિ સાત ધાતુથી બનેલો પશુ-પક્ષિ આદિ તિર્યંચોનો દેહ અપવિત્ર નથી અને થાવરકાય કે જેને માત્ર સ્પર્શ ઇંદ્રિય હોય છે એવા એકેંદ્રિય પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને વનસ્પતિના દેહ તો અપવિત્ર હોતા જ નથી. એટલું જ નહિં પણ બે ઇંદ્રિય આદિ ત્રસકાયના જીવોના દેહને પોષનાર તથા તેમને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવવામાં અદ્વિતીય સાધનભૂત હોઈને તેમના દેહની શુદ્ધિ–પવિત્રતાનું કારણ બને છે. તાત્પર્ય કે થાવરકાય પૃથ્વી આદિનો દેહ પોતે પવિત્ર છે એટલે બીજાને પવિત્ર બનાવે છે અને ત્રસકાય બેઇંદ્રિય આદિનો દેહ પોતે અપવિત્ર હોવાથી પવિત્ર વસ્તુને પણ અપવિત્ર બનાવે છે, માટે જડાત્મક પૌદ્ગલિક વસ્તુઓમાં પવિત્રાપવિત્રપણું સચેતન અથવા તો અચેતન શરીરને આશ્રયીને મનાય છે. પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગથી પવિત્ર વસ્તુ અપવિત્ર અને અપવિત્ર વસ્તુ પવિત્ર બને છે. માનવી દેહ તથા વસ્ત્ર આદિની શુદ્ધિ–પવિત્રતા માટે માટી તથા પાણીનો ઉપયોગ કરે છે, પાણી આદિના સંસર્ગથી દેહ તથા વસ્ત્ર આદિ પવિત્ર બને છે અને મલિન દેહ આદિના સંસર્ગથી પાણી આદિ અપવિત્ર બને છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે–માનવ દેહ અત્યંત અપવિત્ર છે. વસ્ત્રાદિ વનસ્પતિકાયનો દેહ છે અને તે પવિત્ર હોવા છતાં પણ માનવીના દેહ તથા તેના મળ આદિ અશુચિના સંસર્ગથી અપવિત્ર બને છે. તેને પાણી સ્વચ્છ–પવિત્ર બનાવે છે તે ફરીને માનવ દેહના સંસર્ગમાં ન આવે તો અપવિત્ર બની શકતો નથી કારણ કે થાવરકાય મૂળથી જ પવિત્ર હોય છે તેથી મળાદિના સંયોગથી થયેલી અપવિત્રતા દૂર થાય પછી પાછું સંયોગ સિવાય અપવિત્ર બની શકે નહિં, પણ માનવ દેહ કે જે મૂળથી જ અપવિત્ર છે તેને પાણી આદિથી ગમે તેટલો પવિત્ર બનાવવામાં આવે તોયે તે ક્ષણવાર પવિત્ર રહીને પાછો પોતાની અપવિત્ર મૂળ અવસ્થામાં આવી જાય છે વિષ્ટાથી ભરેલી કપડાની કોથળી પાણીથી ધોવાથી સ્વચ્છ–પવિત્ર બની શકે તો જ માનવ દેહ સ્નાન કરવાથી પવિત્ર–સ્વચ્છ થઇ શકે. સ્નાનથી દેહની ક્ષણિક શુદ્ધિ માનવામાં આવી છે તે માત્ર દેહ ઉપર રહેલી મળાદિ અશુચિ પાણીથી ધોવાઈને દૂર થાય છે તેને આશ્રયીને જ છે. બાકી તો દેહમાં રહેલા મળાદિના ઝરવાથી તે પાછો અપવિત્ર બની જાય છે. ફળ–જળ–અન્નાદિ તથા દૂધ-દહિં–મિષ્ટાન્ન આદિ શુદ્ધ વસ્તુઓ માનવી ખોરાક તરીકે વાપરે છે તે જઠરમાં જઇને દેહનો સંસર્ગ થતાની સાથે જ મળ મૂત્રાદિના રૂપમાં પરિણમી જઇને અપવિત્ર બને છે કે જે મળ મુત્રાદિના સંસર્ગથી જે પવિત્ર વસ્તુ હોય છે તે પણ અપવિત્ર બની જાય જાય છે. તેને માટી, પાણી, અગ્નિ અને વાયુરૂપ થાવરકાયના દેહથી પવિત્ર બનાવવામાં આવે છે. માનવીના મળ મૂત્રથી અપવિત્ર બનેલી ભૂમિને પવિત્ર બનાવવાને માટે પશુના મળ મુત્રાદિ વાપરવામાં આવે છે અર્થાત્ ગાય આદિનો પેશાબ છાંટીને તથા છાણથી લીપીને જમીનશુદ્ધિ કરવામાં આવે છે. પવિત્ર ધાર્મિક ક્રિયાઓ કે જેમાં માનવીઓને દેહ તથા વસ્ત્રાદિની સંપૂર્ણ શુદ્ધિ જાળવવાની હોય છે તેમાં પણ ગોમૂત્રને પવિત્ર માની વાપરવામાં આવે છે.

ઉપર પ્રમાણે જડાત્મક પૌદ્ગલિક–પવિત્રાપવિત્રપણાનો વિચાર કરતાં સંસારી જીવ માત્રમાં માનવ દેહ જ સૌથી વધારે અપવિત્ર હોઈ શકે છે. માનવી વ્યવહારમાં બ્રાહ્મણ તથા ચાંડાલ આદિ ઊંચ નીચ જાતિથી કેમ ન ઓળખાતો હોય, સુંદર આકૃતિવાળો, રૂપાળો કે કુરૂપ, કુબડો અને બેડોળ કેમ ન હોય પણ માનવ જાતિમાં કોઇપણ પ્રકારનો ભેદ ન હોવાથી માનવી માત્રનું શરીર એક સરખી રીતે અપવિત્ર હોય છે. બ્રાહ્મણ પવિત્ર અને ચાંડાળ અપવિત્ર એમ કહેનાર વસ્તુસ્થિતિથી અણજાણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, કારણ કે મળમૂત્રાદિ સાત ધાતુથી બનેલું શરીર કર્મ પરત્વે કલ્પેલી જાતિથી પવિત્ર બની શકતું નથી. પુદ્‌ગલાનંદી જડાસક્ત દેહદષ્ટિ માનવા કર્મ પરત્વે કલ્પિત ઊંચ-નીચ જાતિને આશ્રયીને જો માનવ દેહમાં પવિત્રાપવિત્રપણાનો ભેદ જોતો હોય તો તે ભુલે છે. સંસારમાં મનુષ્ય ગતિને આશ્રયીને એક માનવ જાતિ જ અનાદિથી નિર્માણ થયેલી છે તેમાં કોઈપણ કાળે પરિવર્તન થયું નથી તેમજ થવાનું પણ નથી અર્થાત અનાદિ કાળથી જ માનવ દેહ મળ મૂત્રાદિ સાત ધાતુથી બનતો આવ્યો છે અને બનશે તેથી માનવ જાતિમાં ફેરફાર થવાનો નથી; પરંતુ કલ્પિત બ્રાહ્મણ આદિ ઊંચ-નીચ જાતિમાં કાળક્રમે કરીને પરિવર્તન થતું આવ્યું છે. અને થશે. અત્યારે મનુષ્યની ભિન્નભિન્ન જેટલી જાતિઓ જણાય છે તેનો વિચાર કરીએ તો સંખ્યાતા કાળ પહેલાં જૈન દૃષ્ટિએ બધાયના વડવા યુગલિયા હતા અને તે એક માનવ જાતિથી જ ઓળખાતા હતા. ત્યાર પછી કાળક્રમે કરીને એક જ માનવ જાતિ કલ્પિત અનેક જાતિઓમાં બદલાતી આવી છે અને બદલાશે. અત્યારે જે આર્ય દેખાય છે, સેંકડો વર્ષ પહેલાં તેમના વડવાઓ અનાર્ય હતા અને જે અનાર્ય દેખાય છે તેમના વડવા આર્ય હતા. આવી માનવીઓની કલ્પિત તથા અનિયમિત જાતિઓથી માનવ દેહમાં પવિત્રાપવિત્રપણાની કલ્પના કરવી વ્યર્થ છે, કારણ કે ગમે તે કાળે, ગમે તેવી જાતિમાં માનવ દેહ તો અપવિત્ર જ રહેવાનો. પાણી આદિથી જે માનવ દેહની પવિત્રતા માની ગઇ છે તે મળમૂત્રાદિથી બહારથી ખરડાયલા શરીરને ધોઇ નાંખવાથી દેહમાં મળાદિ રહેવા છતાં પણ ક્ષણિક શુદ્ધિ વ્યવહારથી જ છે અને તે પણ નાક, કાન તથા મોંના અંદરનો ભાગ ધોવાતો નથી માટે તે દેહશુદ્ધિ કહેવાય છે.

પાણિ આદિ થાવરકાયની પવિત્રતાની સિદ્ધિમાં એક બીજું પણ કારણ જાણવા મળે છે. પ્રભુપૂજા આદિ પવિત્ર ધાર્મિક કાર્યોમાં પાણી, અગ્નિ, વનસ્પતિ તથા માટી આદિનો ઉપયોગ કરવામાં આવે છે. પુષ્પ-જળ-ચંદન આદિથી પ્રભુની અંગપૂજા કરાય છે. ધૂપ-દીપમાં અગ્નિ વપરાય છે, તાત્પર્ય કે પ્રભુની અષ્ટપ્રકારી પૂજામાં સચેતન તથા અચેતન થાવરકાયના દેહ વપરાય છે. તેથી થાવરકાયના દેહમાં અપવિત્રતા હોઈ શકતી નથી; ત્રસકાયના દેહના સંસર્ગ સિવાય નિરંતર પવિત્ર જ રહી શકે છે.

બહિરાત્મદશા ભોગવતા પુદ્‌ગલાનંદી જીવો ઉપર બતાવ્યા પ્રમાણે જડ વસ્તુઓમાં પવિત્રાપવિતપણું માને છે. તેમાં પણ વ્યવહારથી રૂઢ થયેલી પવિત્રાપવિત્રતાને પ્રધાનતા આપે છે પણ બુદ્ધિપૂર્વક ઉચિતાનુચિતપણાનો વિચાર કરતા નથી તેથી વ્યવહારિક પવિત્રાપવિત્રપણાનો પોતે સાચો બોધ કરી શકતા નથી અને વિષયાસક્તિના દબાણથી અપવિતને પણ પવિત્ર માની બનાવટી આનંદ તથા સુખમાં મગ્ન રહે છે, ત્યારે અંતરાત્મદશામાં વિચરતા મહાપુરુષો તાત્ત્વિક દૃષ્ટિથી જોનારા હોવાથી આત્માને જ પવિત્ર માની તેને અપવિત્રતાથી બચાવવાને માટે જડાત્મક વસ્તુઓના સંસર્ગથી મુક્ત હોય છે, અર્થાત્ અપવિત્ર પૌદ્‌ગલિક વસ્તુઓનો ત્યાગ કરીને વિષય-કષાયથી આત્માને અભડાવી અપવિત્ર બનાવતા નથી અને આત્માની તાત્ત્વિક પવિત્રતા પ્રગટ કરવા પર સ્વરૂપથી નિવૃત્ત થઈને આત્મસ્વરૂપમાં રમણતા કરે છે. આત્મા સ્વરૂપથી તો ત્રણે કાળમાં પવિત્ર જ છે; પણ પુદ્‌ગલસ્વરૂપ કર્મના સંસર્ગને લઈને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપવિત્ર મનાય છે, તે તાત્ત્વિક નથી, માત્ર વ્યવહાર દૃષ્ટિથી જ હોઇ શકે છે. પૌદ્ગલિક વસ્તુ સ્વરૂપથી જ અપવિત્ર છે; કારણ કે તે પવિત્ર સ્વરૂપ આત્માને પોતાની અપવિત્રતાથી અભડાવીને તેના સ્વરૂપને કલંકિત કરે છે. જો કે જડાત્મક દેહાદિ સ્વરૂપથી અપવિત્ર છે છતાં વિકાસી આત્માના સંસર્ગથી પવિત્ર મનાય છે. તીર્થંકરો તથા લબ્ધિધારી અન્ય મહાપુરુષોના શરીર તથા તેમના સંસર્ગમાં આવેલી અન્ય જડાત્મક વસ્તુઓ પવિત્ર બનીને માનવીઓના આત્મવિકાસનું સાધન બની શકે છે. તીર્થંકરોના શરીર સામાન્ય માણસો કરતાં ભિન્ન પ્રકારનાં હોય છે. એટલે કે તેમનું શરીર તો મળમૂત્રાદિ ધાતુથી જ બનેલું હોય છે. પણ તેમના રુધિર, માંસ, ગાયના દૂધ જેવાં ધોળાં હોય છે, શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધી હોય છે અને મળમૂત્રાદિમાં દુર્ગંધ હોતી નથી. લબ્ધિધારી મહાપુરુષોના શરીર પવિત્ર હોય છે કારણ કે તેમના કફ–શ્લેષ્મ–મળમૂત્રાદિ દુર્ગંધ વગરના હોઇને માનવીઓના અનેક પ્રકારના રોગોને મટાડનારા બતાવ્યા છે. આ પ્રમાણે દેહાદિ જડ વસ્તુ અપવિત્ર હોવા છતાં પવિત્ર આત્માના સંસર્ગથી વ્યવહારથી પવિત્ર કહેવાય છે, અને એટલા માટે જ સંયમી–મહાવ્રતધારી મહાપુરુષોને પ્રભુમંદિર જેવા પવિત્ર સ્થળોમાં જવાને માટે અથવા તો ધાર્મિક પવિત્ર ક્રિયાઓ આદરવામાં સ્નાનની કે વસ્ત્રશુદ્ધિરૂપ બાહ્ય શુદ્ધિની આવશ્યકતા હોતી નથી; કારણ કે મહાવ્રતધારી–વિકાસી મહાપુરુષોનો આત્મા કષાય–વિષયથી અભડાયલો હોતો નથી તેથી એવા મહાપુરુષોના દેહ તથા વસ્ત્ર શુદ્ધ હોય છે. આત્મવિકાસ માટે દેહ તથા વસ્ત્રશુદ્ધિ કરતાં અધ્યવસાય શુદ્ધિની અત્યાવશ્યકતા છે અને રાગ–દ્વેષની મંદતા સિવાય હોઇ શકે નહિં, જે મંદતા સંયમી મહાપુરુષોમાં સ્વભાવથી જ હોય છે. મલિનારંભી ગૃહસ્થોમાં પ્રાયઃ તેનો અભાવ હોવાથી તેમને દેહ તથા વસ્ત્રાદિની શુદ્ધિની ખાસ જરૂરત રહે છે. દેહાદિની શુદ્ધિવાળા ગૃહસ્થે પણ પ્રભુપૂજા આદિ પવિત્ર ધાર્મિક કાર્યોમાં કષાય–વિષયના મલિન અધ્યવસાયથી આત્મા અભડાઇને અપવિત્ર ન બને તેની કાળજી રાખવી જોઇએ, માત્ર દેહાદિની બાહ્ય શુદ્ધિથી આત્મવિકાસ સાધી શકાતો નથી એટલું જ નહિં પણ પુન્ય કર્મથી પણ વંચિત રહેવાય છે. માત્ર દેહશુદ્ધિથી આત્મા શુદ્ધ થતો નથી તેમજ દેહ અભડાવવાથી આત્મા અભડાતો નથી, પણ કષાય-વિષયથી આત્મા અભડાય છે અને આત્મા અભડાવવાથી માનેલી દેહશુદ્ધિ આત્મશુદ્ધિ માટે નિરર્થક છે, કારણ કે તેનાથી અધ્યવસાયની શુદ્ધિ થતી નથી.

જે થાવરકાયને પવિત્ર માની માનવી આદિ ત્રસકાયના દેહાદિની પવિત્રતાનું કારણ માનવામાં આવે છે તે માત્ર વ્યવહારથી હોવાથી અતાત્ત્વિક છે. નહિં તો પૌદ્ગલિક વસ્તુ માત્ર અપવિત્ર હોવાથી તેમના દેહ પણ પવિત્ર હોઇ શકે નહિં કારણ કે તે જડસ્વરૂપ કર્મનો વિકાર છે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરવાથી સમજાય છે કે જે વસ્તુ મૂળથી જ અપવિત્ર હોય તેનું કાર્ય પણ અપવિત્ર જ હોય છે પણ એક પવિત્ર અને બીજું અપવિત્ર એમ ભેદ સ્વભાવ સંભવી શકે નહિ. કર્મના વિકારરૂપ માનવી આદિ ત્રસકાયના દેહ અપવિત્ર અને પૃથ્વી આદિ થાવરકાયના દેહ પવિત્ર એમ એક જ કારણના ભિન્ન ભિન્ન બે કાર્ય હોઈ શકે નહિં. કારણનું ફળ કાર્ય થાય છે. ઉપાદાન કારણના સ્વભાવથી પણ ભિન્ન સ્વભાવવાળું કાર્ય થાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિં, માટીનો ઘડો બની શકે પણ વસ્ત્ર બને નહિં અને કપાસ રૂનું વસ્ત્ર બને પણ ઘડો બને નહિં. અર્થાત્ પાણી આદિ ધારણ કરવાનો તથા રસોઇ બનાવી આપવાનો સ્વભાવ માટીના વાસણનો હોય છે અને શરીર ઢાંકવાનો તથા શરદી આદિથી બચાવવાનો કે કોઈપણ વસ્તુનું પોટલું બાંધવાનો સ્વભાવ વસ્ત્રનો હોય છે. આ પ્રમાણે ભિન્ન સ્વભાવવાળા કારણ હોવાથી કાર્ય પણ ભિન્ન સ્વભાવવાળા છે પણ એક જ સ્વભાવવાળા કારણથી ભિન્ન સ્વભાવવાળાને કાર્ય હોઈ શકતા નથી માટે આત્મા મૂળથી જ પવિત્ર સ્વભાવવાળો છે તેથી તેનું કાર્ય માત્ર પવિત્ર જ હોઇ શકે છે અને પુદ્ગલ સ્વભાવથી જ અપવિત્ર છે માટે તેનું કાર્ય પણ અપવિત્ર જ હોય છે. માત્ર વ્યવહારથી જ પવિત્ર આત્મામાં અપવિત્રપણું અને અપવિત્ર પુદ્ગલ સ્કંધોમાં પવિત્રપણું માનવામાં આવે છે એટલા માટે જ સંસારની દૃષ્ટિથી વ્યવહારને પણ પ્રધાનતા આપવામાં આવી છે.

તાત્ત્વિક નિશ્ચય દૃષ્ટિથી આત્મા પવિત્ર હોવાથી કર્મ સંયોગને લઇને વ્યવહારથી અપવિત્ર હોવા છતાં પણ તે પવિત્ર બની શકે છે; કારણ કે જે પવિત્ર સ્વરૂપ હોય છે તે જ પવિત્ર બની શકે છે પણ સ્વરૂપથી જે અપવિત્ર હોય તે પવિત્ર બની શકતું નથી. તેથી આત્મામાં પવિત્રતા આવતી નથી પણ તપ-સંયમદ્વારા રાગાદિ મળ દૂર થવાથી થતી પવિત્રતા પ્રગટ થાય છે. જ્યાં સુધી આત્મા ઉપરનો રાગાદિ મળ ધોવામાં નહિ આવે ત્યાં સુધી શરીરનો મેલ પાણીથી ગમે તેટલો ધોવામાં આવે તેથી કાંઇ આત્માની પવિત્રતા પ્રગટ થાય નહિં. જેમકે મૂળથી જ શ્વેત કપડા ઉપર ચીકાસ લાગવાથી રજ ચોંટીને મેલું થાય છે તેને પાણીથી ગમે તેટલું ધોવામાં આવે તોયે તે ધોળું બની શકતું નથી; કારણ કે શ્વેત કપડામાંના તાંતણામાં વળગેલી ચીકાસ જ્યાંસુધી શિથિલ થાય નહિં ત્યાંસુધી માત્ર પાણીથી ધોવાથી ચોંટેલી રજ મૂળથી છૂટી પડતી નથી; કારણ કે રજનો સંબંધ ચીકાસની સાથે છે પણ કપડાની સાથે નથી એટલે રજ દૂર કરવાને માટે પ્રથમ ચીકાસ કાઢવાની જરૂર છે. તે સિવાય તો કપડું ઊજળું બની શકે નહિ તેથી ધોબી લોકો કપડું ઊજળું બનાવવા પ્રથમ ચીકાસ કાઢવાને માટે ભઠ્ઠી કરીને કપડામાં રહેલી ચીકાસને શિથિલ બનાવે છે. પછી નદી આદિના બહોળા પાણીમાં કપડાને ધોઈને ઊજળું બનાવે છે. તેવી જ રીતે આત્મપ્રદેશોમાં રહેલી રાગ-દ્વેષની ચીકાસની શિથિલતારૂપ સમ્યકત્વ ( સમ્યગ્જ્ઞાનાદિ ) પ્રાપ્ત કર્યા સિવાય કર્મ-રજ કાઢવાને કરવામાં આવતી બાહ્ય શુદ્ધિ અથવા તો જપ-તપ આદિ બાહ્ય ક્રિયાઓની કર્મ રજ દૂર થઇને આત્મા વિકાસી-પવિત્ર બની શકતો નથી, પણ આવી પ્રવૃત્તિઓથી તો પુન્ય કર્મસ્વરૂપ રજનો સંગ્રહ કરી શકે છે કે જેથી આત્મસ્વરૂપ ઢાંકવાથી પવિત્રતા પ્રગટ થવાને બદલે ઢંકાઈ જાય છે. કર્મ શુભ હોય કે અશુભ, પણ તે પુદ્ગલ-સ્વરૂપ હોવાથી આત્મશુદ્ધિને મલિન બનાવે છે કારણ કે તે પવિત્ર આત્મધર્મથી ભિન્ન ધર્મવાળા હોવાથી વિજાતીય છે માટે આત્માની પવિત્રતાના બાધક છે. તેથી જન્મ-મરણની વૃદ્ધિ થાય છે. એટલે આત્મા શાશ્વત જીવન મેળવી પરમ પવિત્ર સિદ્ધાત્માની પંક્તિમાં ભળી શકતો નથી, માટે ધાર્મિક પ્રવૃત્તિઓમાં દેહ તથા વસ્ત્રાદિની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત્ર બાહ્ય શુદ્ધિ કરવા કરતા રાગ દ્વેષનો મળ આત્મા ઉપરથી કાઢવાને માટે સમ્યગ્ જ્ઞાનરૂપ પાણી વાપરીને અધ્યવસાય શુદ્ધ કરવાની અત્યાવશ્યકતા છે. પૂજા આદિ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રાગ-દ્વેષજન્ય મલિન અધ્યવસાયથી આત્મા અભડાય નહિં તેની પૂરતી કાળજી રાખવી જોઈએ કે જેથી આત્મ-પવિત્રતા પ્રગટ થવામાં કાંઈપણ બાધ આવી શકે જ નહિં.

ઉપર પ્રમાણે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં સંસારમાં આત્મા સિવાય વસ્તુ માત્ર અપવિત્ર છે. જે અપવિત્ર હોવા છતાં પવિત્ર કહેવાય છે તે પ્રગટ પવિત્ર સ્વરૂપવાળા આત્માના સંસર્ગનો જ પ્રભાવ છે; બાકી તો જે સ્વરૂપથી પવિત્ર છે તે વિજાતીયના સંસર્ગને લઈને અપવિત્ર કહેવાય પણ તેનું પવિત્ર સ્વરૂપ નષ્ટ ન થવાથી પરિણામે તેની પ વત્રતા પ્રગટ થાય જ છે અને જે જડાત્મક વસ્તુ સ્વરૂપથી જ અપવિત્ર છે તેનું પરિણામે અપવિત્રપણું પ્રગટ થયા સિવાય રહેતું નથી. માટે વિભાવસ્વરૂપ માનવ દેહધારી આત્માએ પોતાની સાચી પવિત્રતા પ્રગટ કરવાને માટે રાગ-દ્વેષનો મેલ ધોઈ નાંખવા અધ્યવસાય પવિત્ર રાખવાની આવશ્યકતા છે.

# સમાલોચના

શ્રી ઋષભદાસજી વિરચિત **હિતશિક્ષાના રાસનું રહસ્ય.** તૈયાર કરનારઃ-સ્વ. શાહ કુંવરજી આણંદજી. પ્રસિદ્ધ કરનારઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર. કિંમત રૂા. ૩-૦૦.

આ પુસ્તક શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી તરફથી ભેટ મળેલ છે.

પુસ્તકના નામ પ્રમાણે સહુ કોઈને ઉપયોગી એવી હિતશિક્ષા આ પુસ્તકમાં સમાયેલી છે. આ રાસનું રહસ્ય ધ્યાનપૂર્વક વાંચી તદનુરૂપ વર્તનમાં ઉપયોગ કરવા જેવું છે.

શ્રી સિદ્ધર્ષિગણિવરકૃત શ્રી **'શ્રીમદ્' (કેવલી).** સંપાદકઃ—પૂ. મુનિશ્રી જયપદ્મવિજય મહારાજ. પ્રકાશકઃ—શા મોતીચંદ નરશી ધરમસિંહ અજીતભુવન, જય ચાપરાજનગર હુબલી. મૂલ્ય રૂા. ૩-૪૦.

વર્ધમાન આયંબિલ તપનું માહાત્મ્ય દર્શાવતું આ શ્રી શ્રીમદ્ કેવલિનું ચરિત્ર ખાસ વાંચવા યોગ્ય છે. શ્રી શ્રીમદ્ કેવલિનું ૮૦૦ ચોવીશી સુધી આ તપને કરતા જ્ઞાનીઓ દ્વારા વર્ણન કરાશે. અદ્‌ભુત સામર્થ્યવાળા આ તપ કરવા માટે પ્રેરણા આપતું આ પુસ્તક સહુકોઈએ અવશ્ય વાંચવા જેવું છે.

**અનંતરાય જાદવજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## આ. ઉદયસૂરીશ્વરજી મહારાજને અંજલિ

પાલીતાણા ખાતે તા. ૧૭-૬-૭૦ના રોજ, આચાર્ય શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ નિમિત્તે મોટી ટોળીના ઉપાશ્રયમાં પાલીતાણા શ્રી જૈન સંઘ તરફથી આચાર્યશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી, આ. શ્રી વિજય જયાનંદસૂરીશ્વરજી ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી મહારાજની નિશ્રામાં જાહેર સભા યોજવામાં આવી હતી.

શ્રી નગીનદાસ ગાંધીએ પત્રિકા વાંચન કર્યા બાદ આ. શ્રી અમૃતસૂરીશ્વરજી, નગરશેઠ ચુનીલાલભાઇ, ડૉ. બાવિશી, માસ્તર શામજીભાઈ, આ. શ્રીજયાનંદસૂરીશ્વરજી, ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી મહારાજ, મુનિશ્રી નિરંજનવિજયજી, મુનિશ્રી કુંદકુંદવિજયજી, મુનિશ્રી મહિમાવિજયજી, આદિએ સ્વ. આચાર્ય મહારાજશ્રીના ગુણાનુવાદ રજૂ કર્યા હતા.

છેવટ આચાર્યશ્રીને અંજલિ આપતો ઠરાવ શ્રી કુલચંદભાઇ હરીચંદ દોશીએ રજૂ કર્યો હતો. જે પસાર થયા બાદ સૌ વિખરાયા હતા.

## શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ–પાલીતાણા
## ધાર્મિક ઈનામી સમારંભ

કલકત્તા નિવાસી શેઠશ્રી મણીલાલ વનમાળીદાસે પોતાના સ્વ. બેન સુરજબેનના ટ્રસ્ટમાંથી ધાર્મિક શિક્ષણના ઉત્તેજન માટે આપેલ રકમના વ્યાજમાંથી પાલીતાણા ખાતે તા. ૨૧ મી જુનના રોજ માંડલવાળા હાલ અમદાવાદ વસતા શેઠશ્રી ગુલાબચંદભાઇ ભવાનભાઇના પ્રમુખપદે અને રાવબહાદુર શેઠશ્રી જીવનલાલ પ્રતાપશી વિગેરે સંભાવિત ગૃહસ્થોની હાજરીમાં એક ઇનામી સમારંભ યોજાયો હતો. તેમાં શરૂઆતમાં સંસ્થાની બાળાઓએ મંગળ ગીતો તથા સંવાદ રજૂ કર્યો. પછી રક્ષિકાબેન શ્રી જ્યોત્સનાબેન ધાર્મિક શિક્ષક શ્રી બાલુભાઇ, શ્રી કુલચંદભાઇ દોશી, ગુરૂકુલના ધાર્મિક શિક્ષક શ્રી બાલુભાઈ, બાલાશ્રમના સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી વીરચંદભાઇ તથા સોમચંદભાઇ ડી. શાહ વિગેરેના ટૂંક પ્રવચનો થયાં હતાં.

બાદ અતિથિવિશેષ તરીકે પધારેલા શેઠશ્રી અરવીંદભાઈ પનાલાલભાઇના વરદ હસ્તે ધાર્મિક પરીક્ષામાં ૬૦ ટકા તથા તેથી વધુ માર્કસ મેળવનાર બેનોને તથા વ્યવહારિક શિક્ષણમાં ૫ મા ધોરણથી ૧૧ મા ધોરણમાં પ્રથમ નંબરે આવનાર બેનોને રોકડ રકમનાં ઇનામો અપાયાં હતાં. તેમજ ધાર્મિક શિક્ષકો તથા શિક્ષિકા બેનનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શેઠશ્રી અરવીંદભાઇએ પોતાના માતુશ્રીના નામે ધાર્મિક ઇનામી ફંડમાં રૂા. ૨૦૦૧/– ભેટ જાહેર કર્યા હતા. તેમજ પ્રમુખ સાહેબે રૂા. ૧૦૦૧/– ભોજન તિથિમાં તથા રૂા. ૧૦૧/– આયંબીલની તિથિમાં ભેટ જાહેર કર્યા હતા. શ્રી કપૂરચંદભાઇએ આભારવિધિ કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેરાત

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

"આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક હવે શ્રાવણ–ભાદ્રપદના સંયુક્ત અંક તરીકે "પર્યુષણ"ના ખાસ અંક તરીકે તા. ૨૫–૮–૧૯૭૦ના અરસામાં પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારી તેમજ પોસ્ટના વધેલા દરને અંગે આ માસિક ખોટમાં ચાલે છે. એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને અંકને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરી રહ્યા છીએ. અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "પર્યુષણ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી વિશેષ રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ, અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે. તો વિદ્વાન આચાર્યો મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસના આખર સુધીમાં બને તેટલા વેલાસર મોકલી અમોને આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે, યોગ્ય જાહેરખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે. તો વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય–શિક્ષણ–સંસ્થાઓને અમારી વિનતિ છે કે પર્યુષણ અંકમાં તેઓ પોતાના જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

આ માસિકમાં અપાતી જાહેરાતનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો ખાત્રી આપી છીએ.

### —: જાહેરાતના દર :—

| | |
|---|---|
| અંદરનું પેજ આખું : રૂા ૫૦–૦૦ | પેજ અર્ધું : રૂા. ૩૦–૦૦ |
| ટાઇટલ પેજ બીજું અથવા ત્રીજું : રૂા. ૬૦–૦૦ | ટાઇટલ પેજ ચોથું : રૂા. ૭૫–૦૦ |

આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.

---

# ખાસ વિનંતી

સભાની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિને વેગ આપવા માટે તેમ જ, આમજનતાને પ્રિય થઇ પડે તેવું જૈન સાહિત્ય પ્રગટ કરવાની એક યોજના સભાએ વિચારી છે તેને મૂર્તસ્વરૂપ આપવા માટે દાતાઓના સહકારની સભાને ખાસ જરૂર છે. તો દાતાઓને યોગ્ય સહાય કરવા વિનંતી છે. વધુ વિગત માટે લખો.

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી ઉદયસૂરીશ્વરજી મ. શ્રી ને

# વંદનાંજલિ

[ રચનાર–ગાનાર : ડૉ. ભાઈલાલ એમ. બાવીશી-પાલીતાણા ]

( પાલીતાણા-ગુણાનુવાદ-સભામાં ગવાયેલ ગીત. )

( અગદ્યાપદ્ય )

ઉદય અને અસ્ત છે,
ક્રમ કુદરત તણો !
જન્મ ને મરણ છે,
ખેલ આ સંસારનો !

ઉદય પાથરે અજવાળાં,
ને જગને ઉજાળે !
અસ્તાચલે આથમતી સંધ્યા,
રંગીલા કિરણો પ્રસારે !
જન્મતો જીવ આશાવંતો,
રત સત્કાર્યોમાં રહે !
મૃત્યુ પળે રહી પ્રસન્ન,
જગમાં અમર બની રહે !

આચાર્ય શ્રી ઉદયસૂરિ,
ગુરૂ જેના શ્રી નેમિસૂરિ,
ને શિષ્યવર્ય શ્રી નંદનસૂરિ.
પરિવાર એ પ્રભાવશાળી !
એ પરિવારના પુરુષ પ્રાભાવિક,
કુશળ ને સફળ એ નાવિક !
એ સતના પુન્ય જન્મથી
ને એના સમાધિ મરણથી

કુદરતનો અકળ એ ક્રમ,
ને સંસારનો માર્મિક મર્મ,
વાહ ! કેવો ઉજમાળ બન્યો !
ખરે જ ! હા ! એ ધન્ય બન્યો !

આચાર્યશ્રીના સંયમ-સાધનાથી,
થયો ઉદય અધ્યાત્મનો !
ને તલસ્પર્શી એ ઉપદેશથી,
અસ્ત થયો અજ્ઞાનનો !
જીવન-જંગ એ જીતી ગયા,
મૃત્યુને મહાત કરી ગયા !

શાસનની પ્રભાવના કરી,
[illegible] સંઘની કરી ઉન્નતિ,
એ તો અમર બની ગયા,
સંયમની સુવાસ ફેલાવી ગયા !

બાહ્યાડંબર કદી નહિ,
વિમળ અંતર દિલમહીં,
શીલ-ચારિત્ર ઉત્કૃષ્ટ જેનાં
કોટીશઃ વંદના ચરણે એનાં !!!

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ. આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only